**મહેસુલી/પંચાયત કચેરીઓના તપાસણી નોંધના બાકી મુદ્દાઓના પૂર્તતા અહેવાલ ઓનલાઈન રજુ કરવા બાબત**

મહેસુલ તપાસણી કમિશ્નર કચેરી,
બ્લોક નં.૧૧/૭, સરદાર ભવન, નવા સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક : મતક/ડાયરી/વ/૫૯ થી ૫૭૩/૨૦૧૭
તા.૧૮/૧/૨૦૧૭

**વંચાણ:** (૧) અત્રેના પરિપત્ર ક્રમાંક:મતક/પત્રક/ડાયરી/વ/૯૫૮/૨૦૧૬, તા.૨/૧/૨૦૧૭

//પરિપત્ર//

રાજયમાં આવેલ મહેસુલી/પંચાયત(મહેસુલ શાખા) કચેરીઓની નિયમિતપણે કામગીરીની તપાસણી અત્રેથી હાથ ધરવામાં આવે છે. આ તપાસણી દરમ્યાન ધ્યાન પર આવેલ સંબંધિત કચેરીની કામગીરી અંગેની ક્ષતિઓ પરત્વે નિયત કરવામાં આવેલ પ્રશ્નાવલી અનુસાર ફકરા/મુદ્દાઓ તૈયાર કરી તપાસણી નોંધ રૂબરૂમાં આપવામાં આવે છે. જે અન્વયે સંબંધિત કચેરીઓ તરફથી તપાસણી નોધના મુદ્દાઓના હસ્તલિખિત પુર્તતા અહેવાલ મોકલવાની તથા અત્રેથી ચકાસણી કરી ગ્રાહય/અગ્રાહયના નિર્ણય કરી પરત કરવાની પ્રથા અમલમાં છે.

તપાસણી નોંધના મુદ્દાઓની માફક માસિક પત્રકો ૧ થી ૩૫ ની આંકડાકીય માહિતી પણ હસ્તલિખિત સ્વરૂપે ઈ-મેઈલ ધ્વારા મેળવવાની પ્રથા અમલમાં હતી. જે ઉપર્યુકત વંચાણમાં દર્શાવેલ તા.૨/૧/૨૦૧૭ના પરિપત્રથી તૈયાર કરવામાં આવેલ કલેકટર પોર્ટલ મારફત માસિક પત્રક ૧ થી ૩૫ ના બદલે ચુસ્તરીતે માસિક-૨૮, ત્રિમાસિક-૧૬ અને છમાસિક-૩ ના ધોરણે ઓનલાઈન પ્રતિ માસની ૧૦મી તારીખ સુધીમાં બિનચૂક એન્ટ્રી કરવાની પ્રથા માસ : જાન્યુઆરી/૨૦૧૭થી અમલમાં મુકવામાં આવેલ છે. તદ્દઅનુસાર તપાસણી નોંધના બાકી મુદ્દાઓના પુર્તતા અહેવાલ પણ માસ : જાન્યુઆરી/૨૦૧૭થી કલેકટર પોર્ટલ મારફત ઓનલાઈન રજુ કરવા બાબતે સંબંધિત કચેરીઓના બાકી મુદ્દાઓ (બેકલોગ)ની ડેટા એન્ટ્રી કરવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

સદરહુ તપાસણી નોંધના બાકી મુદ્દાઓના પૂર્તતા અહેવાલ મોકલવાની કામગીરી પ્રવર્તમાન વીજાણું યંત્રના સમયમાં અનિવાર્યતાને અનુરૂપ ઝડપ અને પારદર્શિતા લાવવા તથા વહીવટી કામગીરીમાં થતી ક્ષતિઓનું પુનરાવર્તન નિવારવા સાથો સાથ કાર્યભારણ ઘટાડવાની અતિ આવશ્યકતાને તેમજ તાલુકા/જિલ્લા/રાજય કક્ષાએ યોગ્ય નિયંત્રણ અને દેખરેખ સરળતાથી રાખી શકાય તે હેતુસર આ કચેરી તરફથી કરવામાં આવેલ તપાસણી નોંધના મુદ્દાઓના પુર્તતા અહેવાલ અત્રેથી તૈયાર કરવામાં આવેલ કલેકટર પોર્ટલ મારફત ઓનલાઈન રજુ કરવાનું તથા ગ્રાહય-અગ્રાહયના નિર્ણય પણ ઓનલાઈન જ કરવાની પ્રથા અમલમાં મુકવાનું નકકી કરવામાં આવેલ છે.

વાસ્તે, હવે માસ : જાન્યુઆરી/૨૦૧૭થી તપાસણી નોંધના બાકી મુદ્દાઓના પુર્તતા અહેવાલ હસ્તલિખિત સ્વરૂપે મોકલવાની પ્રથા બંધ કરી URL = cpgujarat.in (કલેકટર પોર્ટલ) પર ઓનલાઈન મોકલવાના રહેશે અને

આ પ્રથા સતત જળવાઈ રહે તે જોવા સબંધિત તાલુકા/પ્રાંત/જિલ્લા કક્ષાના તમામ મહેસુલી / પંચાયત કચેરીના અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

આ કચેરીની તપાસણી યુનિટ ધ્વારા પણ તપાસણી બાદ નોંધના મુદ્દા જે તે કચેરીએથી જ ઓનલાઈન કરવાના રહેશે.

(હારીત શુકલા)
મહેસુલ તપાસણી કમિશ્નર અને
સચિવ(મ.વિ.) ગાંધીનગર

**નકલ રવાના અમલવારી કરવા સારૂં :**

(૧) કલેકટરશ્રી, તમામ
(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
(૩) નાયબ કલેકટરશ્રી(તપાસણી–૨), આર.આઈ.સી., ગાંધીનગર
(૩) પ્રાંત અધિકારીશ્રી, તમામ
(૪) ખાસ જમીન સંપાદન અધિકારશ્રી, તમામ
(૫) મામલતદારશ્રી, તમામ
(૬) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તમામ
(૭) મામલતદારશ્રી(તપાસણી યુનિટ–૧ / ૨ / ૩ / ૪)

**નકલ સવિનય સાથ જાણ થવા સારૂં :**

(૧) માન.મંત્રીશ્રી(મહેસુલ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, ગાંધીનગર
(૨) માન.અગ્ર સચિવશ્રી(મહેસુલ)ના અંગત સચિવશ્રી, બ્લોક નં.૧૧/૫, નવા સચિવાલય, ગાંધીનગર